# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- ❖ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકાના 1003 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
- ❖ 12 હજાર 133 મેગાવોટની ક્ષમતા સાથે પવન ઊર્જામાં ગુજરાત સમગ્ર દેશમાં પહેલાં ક્રમાંકનું રાજ્ય બન્યું.
- ❖ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગોંડલ પંથકના ઔદ્યોગિક ક્ષેત્રનો તાગ મેળવી ઉદ્યોગપતિઓની સમસ્યાનો ઉકેલ લાવવા સૂચન આપ્યા.
- ❖ રાજ્ય સરકાર મુખ્ય યાત્રાધામોની આસપાસ આવેલા નાના યાત્રાધામોનો 857.14 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કરશે.
- ❖ રક્ષાબંધન અને જન્માષ્ટમીને ધ્યાને રાખી વાહન વ્યવહાર નિગમ વધારાની ટ્રીપનું સંચાલન કરશે.
- ❖ અમદાવાદ ક્ષેત્રની ટપાલ કચેરીઓમાંથી દેશવિદેશમાં 3 લાખથી વધુ રાખડી મોકલવામાં આવી.

---

## AMIT SHAH TOMORROW SCEDUALE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગર પાલિકાના 1003 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

કરશે. શ્રી શાહ આજે સવારે શહેરનાં થલતેજ ખાતે ઓક્સિજન પાર્ક અને તળાવનું લોકાર્પણ કરી કાર્યક્રમની શરૂઆત કરશે. ત્યારબાદ વેજલપુર મકરબા ખાતેથી મિશન થ્રી મિલિયન ટ્રી યોજના હેઠળ વૃક્ષારોપણ, મકરબા ખાતે નવનિર્મિત સ્વિમિંગ પુલ અને વ્યાયામશાળાનું લોકાર્પણ કરશે.

ત્યારબાદ પ્રહલાદનગરમાં અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ અને બોડકદેવ ખાતે CAA નાગરિકતા પ્રમાણપત્ર વિતરણનાં જાહેર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત નારણપુરા વિધાનસભામાં નવનિર્મિત મામલતદાર કચેરીનું લોકાર્પણ અને સાંજે શ્રી શાહ સુભાષ બ્રીજ નજીક નારણપુરામાં કાર્યકર્તા સંમેલન યોજશે.

દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આજે અમદાવાદ ખાતે ૧૮૮ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.. જે વ્યક્તિઓએ પડોશી દેશોમાં દમનને કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે. તેમને નાગરિકતા પ્રદાન કરાશે.

પાકિસ્તાનના 22 વ્યક્તિઓ કે જેમણે દમનને કારણે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાનાં મુળી તાલુકાના સરલા ગામમાં આશ્રય મેળવ્યો હતો, તેમને પણ આ સમારોહમાં ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાશે.

---

## PAVAN URJA

પવન ઊર્જામાં ગુજરાત હવે સમગ્ર દેશમાં પહેલાં ક્રમાંકનું રાજ્ય બન્યું છે. પવન ઊર્જા એટલે કે વિન્ડ એનર્જી દ્વારા વીજળી ઉત્પન્ન કરવાની ગુજરાતની ક્ષમતા હવે ૧૨ હજાર ૧૩૩ મેગાવોટ પર પહોંચી છે. વર્ષ ૨૦30 સુધીમાં રાજ્ય

સરકારે પરંપરાગત-પુન:પ્રાપ્ય ઊર્જામાં ૧૦૦ ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે.

રાજ્યના દરેક જિલ્લાના ગ્રામીણ ક્ષેત્રમાં રૂફટોપ સોલારને અપનાવવા સોલાર વિલેજનું નિર્માણ કરાશે. આ સોલાર વિલેજના નેજા હેઠળ ઉપયોગ પછી બાકીની વીજળીનું વેચાણ કરી રૂફટોપ સોલાર ધરાવતા તમામ પરીવારો વધારાની આવક મેળવી શકશે. રહેણાંક વિસ્તારમાં આ યોજના થકી કુલ ૩ હજાર મેગાવોટ જેટલી સૌર ઊર્જા ક્ષમતામાં વધારો થશે. જેના પરિણામે રાજ્યના અંદાજિત ૧૭ હજારથી વધુ નાગરિકોને રોજગારી પણ મળશે.

---

## RAJKOT MANSUKH MANDAVIYA MEETING

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાજકોટમાં ગોંડલ પંથકના ઔદ્યોગિક ક્ષેત્રનો તાગ મેળવ્યો હતો. નવા માર્કેટિંગ યાર્ડ ખાતે શ્રી માંડવિયાએ કેન્દ્રીય અંદાજપત્ર અંગે ઉદ્યોગકારો સાથે બેઠક યોજીને પરિસંવાદ કર્યો હતો.

શ્રી માંડવિયાએ જણાવ્યું કે, નાગરિકોના પ્રશ્નોનો સકારાત્મક નિકાલ લાવવાના ભાગરૂપે વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આ વિસ્તારના ઉદ્યોગોની વર્તમાન પરિસ્થિતિને જાણવાનો છે. દરમિયાન કેન્દ્રીય મંત્રીએ ઉદ્યોગો સંબંધિત સમસ્યાઓ સાંભળીને તેનો ઉકેલ લાવવા જરૂરી સૂચન આપ્યા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે ઉપલેટા ગુરૂનાનક મંદિર ખાતે ભાજપ દ્વારા યોજાયેલી સર્વરોગ નિદાન શિબિરનો પ્રારંભ કરાવશે. ત્યારબાદ

રાણાવાવ ખાતે તેઓ માલધારી નેસનિવાસી માલધારીઓ સાથે મુલાકાત કરશે. તેમ જ પોરબંદર ખાતે બપોરે 2 વાગ્યે જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો સાથે પરિસંવાદ કરશે. ઉપરાંત શ્રી માંડવિયાએ ભોદ, રાણાવાવ ખાતે ઘેડ સામાજિક વિકાસ સમિતિ દ્વારા યોજાયેલા તેજસ્વી વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

--------------------------------------------------------------------

## YATRADHAM VIKAS

રાજ્યના સોમનાથ, અંબાજી, દ્વારકા વગેરે જેવા મોટા અને મુખ્ય યાત્રાધામોની આસપાસ આવેલા નાના યાત્રાધામોનો 857.14 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કરશે. જે અંતર્ગત 163 વિકાસકાર્યો થઇ રહ્યા છે, જેમાંથી 655 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 76 વિકાસકાર્યો વિવિધ તબક્કામાં પ્રગતિ હેઠળ છે.

ઉપરાંત, 70.19 કરોડ રૂપિયાના ખર્ચે 57 કામો પૂર્ણ થયા છે અને 52.08 કરોડ રૂપિયાના 24 કામો આયોજનના તબક્કામાં છે. 79.10 કરોડ રૂપિયાના 6 કામોનો ચાલુ અંદાજપત્રમાં નવા કામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અંતર્ગત અંબાજી-બહુચરાજી યાત્રાધામોની આસપાસના યાત્રાધામોનો 216.51 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ થશે. જ્યારે પાવાગઢ અને આસપાસના યાત્રાધામો ખાતે 187.49 કરોડ રૂપિયાના ખર્ચે કરાશે. આ ઉપપાંત પોરબંદર, કચ્છ, દ્વારકા, સિદ્ધપુર ખાતે 318.13 કરોડ રૂપિયાના વિકાસ કાર્યો હાથ ધરાશે.

--------------------------------------------------------------------

# GSRTC EXTRA BUSES

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ GSRTC- તહેવારોને ધ્યાનમાં રાખી રાજ્યભરમાં વધારાની ટ્રીપનું સંચાલન કરશે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું, રક્ષાબંધન નિમિત્તે 20 ઓગસ્ટ સુધી 6 હજાર 200 જેટલી અને જન્માષ્ટમીની તહેવાર નિમિત્તે 24 ઑગસ્ટથી 27 ઑગસ્ટ દરમિયાન 5 હજાર 500 જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરશે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, મહેસાણા સહિતના વિવિધ શહેરોમાં મુસાફરોના બહોળા પ્રમાણને ધ્યાનમાં લઈને વધુ બસ ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત ડાકોર, શામળાજી, દ્વારકા સહિતના વિવિધ ધાર્મિક સ્થળોએ જવા પણ વધુ બસનું આયોજન કરાયું છે.

-----------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

-----------------------------------------------------------------------

# POST OFFICE RAKSHABANDHAN

રક્ષાબંધનના પર્વને ધ્યાનમાં રાખી અમદાવાદ ક્ષેત્રની ટપાલ કચેરીઓમાંથી ત્રણ લાખથી વધુ રાખડી ટપાલ દ્વારા દેશ-વિદેશમાં મોકલવામાં આવી છે એમ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું. શ્રી યાદવે કહ્યું, રક્ષાબંધનના એક દિવસ અગાઉ એટલે કે, આજે પણ ટપાલ વિતરણ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી યાદવે ઉંમેર્યું, ટપાલ કચેરીઓમાંથી વિદેશમાં સ્પીડપોસ્ટ અને રજિસ્ટર્ડ ડાક દ્વારા મોટા પ્રમાણમાં રાખડીઓ મોકલવામાં આવી રહી છે. લગભગ દોઢ લાખ રાખડી અમદાવાદ ક્ષેત્ર હેઠળની ટપાલ કચેરી દ્વારા વિદેશ માટે નોંધવામાં આવી છે. આમાં મોટા ભાગની રાખડી સંયુક્ત રાજ્ય અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ન્યૂ ઝિલેન્ડ, સિંગાપોર, કેનેડા, રશિયા, સંયુક્ત આરબ અમીરાત, જર્મની, જાપાન, ચીન વગેરે દેશમાં મોકલવામાં આવી છે.

---

# PORABANDAR VAN MAHOTSAV

પોરબંદર જિલ્લા કક્ષાના ૭૫માં વન મહોત્સવની ઉજવણી ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ધારાસભ્ય ના હસ્તે 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ તેમજ પ્રકૃતિપ્રેમીઓનું સન્માન કરાયું હતું. શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપણે બધાને વન મહોત્સવ થકી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ભાવનાથી જોડવાનો પ્રયાસ કર્યો છે.

---

## RAJKOT EK PED MAA KE NAM

રાજકોટ જિલ્લામાં શાપર ગામની સરકારી જમીન પર દબાણ દૂર કરી “એક પેડ માં કે નામ” અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ શરૂ કરાયું છે. આ અભિયાન અંતર્ગત શાપરના રહેવાસીઓએ આગામી 15 દિવસમાં 100 પ્રકારના વિવિધ 3 હજારથી વધુ વૃક્ષ વાવવાનો તેમ જ આ વૃક્ષોની સતત ત્રણ વર્ષ સુધી માવજત કરવાનો સંકલ્પ કર્યો છે. આ અભિયાનમાં ગ્રામજનોની સાથે સામાજિક અગ્રણીઓ પણ જોડાશે.

---

## Gir Somanth

રાજ્ય સરકાર દ્વારા ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે 'પ્રાદેશિક સરસ મેળા'નું આયોજન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી કરાયું હતું. આ મેળામાં ૪૫ જેટલા સ્વ-સહાય જૂથોની ૩૫૦થી વધુ મહિલાઓ ભાગ લઈને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવીને વેચાણ માટે પ્રદર્શિત કરી રહી છે. આ અંગે ‘વૈદ્યનાથ’નામે સખીમંડળ ચલાવતા કાજલબેન ખેરાળાએ વધુમાં જણાવ્યું ..

(બાઈટ કાજલબેન ખેરાળા)

---

પીટીસી, ગીર સોમનાથ

# Dang Police

ડાંગ જિલ્લામાં આવતા પ્રવાસીઓની સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા સુનિશ્ચિત થાય તે માટે  પોલીસના જવાનોને 'પોલીસ મિત્ર'ની ભૂમિકા સોંપવામાં આવી છે. જિલ્લા પોલીસ ગૃહરક્ષક અને જીઆરડીના જવાનો ડાંગ જિલ્લામાં આવતા પ્રવાસીઓની મદદ કરી રહ્યા છે.

ડાંગ જિલ્લાની પોલીસ પ્રવાસીઓને મિત્ર તરીકે સેવા આપી રહી છે. આ અંગે જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણિયાએ વધુમાં જણાવ્યું ...

(બાઈટ  યશપાલ જગાણીયા -ડાંગ જિલ્લા પોલીસ વડા)

-----------------------------------------------------------------